સાલ : ૭ / સિલસિલાવાર નંબર : ૮૦ / શુમારો : ૮

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

ફુલ પાના - ૮+૬

مِشْكَوٰة الهادي

Mishkaat-ul-Haadi

મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખ્બાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.

તા. ૧ શાબાનુલ કરીમ ૧૪૩૧ હી., ૧૨-૭-૨૦૧૦

## -::: મરી જા, તે પહેલા કે મૌત તૂંને મારી નાખે :::-

પૂરી દુનિયામાં લોગો તરહ-તરહના રીત-રિવાજો (customs-traditions) પર ચાલે છે. તેમાંથી કેટલી રસમો પોતાના મઝહબની હોય છે તો કેટલી પોતાના કબીલા યા ખાનદાનની હોય છે. જે હદ તક science પહોંચી શકતું નથી તે હદથી મઝહબ-religion શુરૂ થાય છે. મઝહબી આઅમાલ, ફરમાનો અને અકીદાઓની સચ્ચાઈમાં ઉતરવું, સમઝાવવું અને સાબિત કરવું scientist ના બસની વાત નથી. કેમકે science જે હર વક્ત અધૂરૂં છે, નામુકમ્મલ છે તે કઈ તરહ મઝહબે કામીલ અને દીને તમામની ગૈબની ચીઝોને પુરવાર કરી શકે છે? અલ્લાહતઆલાએ બનાવેલું આ દીન બરહક્ક છે, તેની હર ચીઝ હર વક્ત વાસ્તે મુનાસિબ છે, વાજિબ છે, જેમાં જૂના-નવા, રદ-ઈજાદ અને તબદીલીનો સવાલ જ નથી, દીન ઘણું કુશાદા છે જેમાં દુનિયા-આખેરતની હર દલીલ મૌજૂદ છે. હવે આ દીનની કુશાદગીનો science એક હિસ્સો છે જે હમેશા ઈન્સાનની ઝિંદગી સુધારવાની કોશિશ કરતું રહે છે, જેને research અને experiment કહેવાય છે. **આ કોશિશ કોઇ વક્ત દીનને ખિલાફ હોય છે યા દીનને આસાની થી સમઝવામાં મદદ કરે છે.** મગર આજે નવી-નવી ખોજ અને શોધના બલ પર scientists મઝહબને હલકા પાડવાની હરકતોથી બાઝ નથી આવતા અને ઘણી વક્ત તો તેઓ અલ્લાહ અને દીનના વુજૂદ પર તેમજ તેને માનનારાઓ પર સવાલ ઉઠાવવામાં અચકાતા નથી. અલ્લાહનો ખૌફ ન રાખનારા આવા લોગોને એ ખબર હોવી જોઈએ કે, હર નવી ટેકનીક જે તેઓ વિકસાવી રહ્યા છે તે કોઈના કોઈ વક્ત તે ચીઝ દીનની હકીકતો તરફ વલનારી છે.

અપને કઈ જગાથી આવા છે ? અપને શું કામ આ દુનિયામાં છે ? અપની મૌત બાદ અપને કયાં જઈશું ? આ દુનિયાનું શું થાશે ? આખેરત કેવી હોય ? તરાઝૂ અને સિરાતે મુસ્તકીમનો શું મતલબ ? જન્નત અને જહન્નમ કયાં છે ? આવા કેટલાય ભારી અને હૈરતઅંગૈઝ સવાલોની ગુત્થીને સુલઝાવવા science મથામણ કરી રહ્યું છે ! દિન-બ-દિન નવી-નવી theories અને દિમાગી તુક્કાઓ ના ઝબાની-કિતાબી મહેલો લોગો બનાવી રહ્યા છે. પણ એક વાત તો હક્ક છે કે, જહાઁ તક તેઓ દીને ઈલાહીના ઊંડા દરિયાને સાચા મોતીઓ (જવાબો) વાસ્તે નહીં ખોજે ત્યાં તક દરિયાએ બાતિલમાં ચાલી રહેલી આ જુસ્તજૂનો કોઈ અંજામ આવનારો નથી. દુનિયાના અકસર મઝહબોની વાત કરીએ તો મખ્લૂકાતના **"મબ્દા"** (અપને કયાંથી આવા) ની બાબતમાં થોડી ચીઝો મીલતી આવે છે, પણ **"મઆદ"** (મૌત બાદ અપને કયાં જાવાનું છે) ને વાસ્તે બધા જ મઝહબોની દલીલો, ખયાલો અને બયાનો જુદા-જુદા છે. અપની શીઆ-ઈસ્માઈલી-તૈયેબી મઝહબ જે હર લેહાઝ, હર અમલ અને હર અકીદાથી કુલ્લી તૌર પર અહલે બૈત (અ.સ.) નો મઝહબ છે, તેમાં **"મબ્દા અને મઆદ"** નું ઘણું જ ગહેરૂં ઈલ્મ છે જે અપની મોટી ઈલ્મી વિરાસત અને દીનની જડ છે. કુરઆને પાક અને ઈતરતે પાક ના સબબ અપના ઈમામો અને દોઆતોના ઝરીએ અપને આ ઈલ્મનો ફૈઝ હાસિલ થયો છે. ઈતરતે પાકને મુકનારા લોગોની એ હાલત છે કે, આ ઈલ્મથી મહેરૂમી અને બેનસીબીના સબબ તેઓ ઘણી કુરઆની આયતોમાં રહેલી ઈલાહી હિકમત અને સહી મફહૂમ ને જાણી શકતા નથી. લેહાઝા આલે અલી અને આલે હુસૈન (અ.સ.) ના મુમેનીન હોવાના સબબ અપના કરતા authentic - મુસ્તનદ અને complete - મુકમ્મલ ઈલ્મ બીજા કોઈના નઝદીક નથી.

*(બકીયાહ પેજ નં. ૨ પર)*

**કોઈ શખ્સ ગુનાહને થાતો જોય અને એ ગુનાહને ન રોકે તો એ પણ એટલો જ ગુનાહગાર છે.**

*(પેજ નં. ૧નું બાકી)*

***મરી જા, તે પહેલા.....***

Science જે નઝરથી મૌતને જોઇ છે તે એ છે કે, મૌત તેને કહેવાય જે વકત જિસ્મમાં તમામ processes રૂકી જાય. તેની નઝરમાં life તે જન્મ-મરણ દરમિયાનનો વકત છે, બસ આ જ ઝિંદગી છે. **When we are dead we are finished** -મૌત ઝિંદગીની ઈન્તેહા છે તેના બાદ કંઈ જ નથી. મગર જયારે દીન આ બાબત પર રોશની નાંખે છે તો માઅલૂમ પડે છે કે, **મૌત તો ઇન્સાની ઝિંદગીના સફરની એક મંઝિલ છે.** It is just a junction in our endless life process. વિલાદત-જન્મ પહેલા પણ અપને કઈ હતા, આ દુનિયાની ઝિંદગીમાં પણ કઈ છે અને અપના વફાત-મૌત બાદ પણ અપને કઈ હોઇશું. આ ઝિંદગી અને મૌત તો એક જ રાહની બે અલગ-અલગ મંઝિલો છે. અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, "કુલ્લો નફસિન......" યાઅની **હર નફસ મૌતનો મઝા ચાખશે અને હમેં તમારો શર અને ખૈરથી ઇમ્તેહાન લઇશું અને તમેં હમારા તરફ પલટાવવામાં આવશો.** (૩-૧૮૫) આ આયત એ બતાવે છે કે, અલ્લાહ બધી જ નફસ-જાન (spirit) નો ઈમ્તેહાન લેશે, પછી તે, ભલાઈથી હોય યા બુરાઈથી. બેવે હાલતમાં નફસ શું શું કરે છે તેનો હિસાબ અલ્લાહ લેશે. નફસ વાસ્તે જિસ્મ, અમલ કરવાનો ઝરીઓ (means) છે. જે વકત તક નફસ જિસ્મમાં કેદ હોય છે ત્યાં તક આ દુનિયા તે નફસ વાસ્તે દારૂલ અમલ (અમલ કરવા વાસ્તેનું ઘર) હોય છે. તે બાદ નફસ જયારે તેના જિસ્મને છોડીને જુદી થાય છે ત્યારે મૌત બાદની ઝિંદગી તે નફસ વાસ્તે દારૂલ જઝા (સવાબ-અઝાબ ભુગટવા વાસ્તેનું ઘર) બને છે. મૌત બાદ નફસ કોઈ પણ ઝાતનો અમલ કરી શકતી નથી. **જેવા અમલ આ દારૂલ અમલ (દુનિયા) માં રહીને નફસ તેના જિસ્મના ઝરીએ કરે છે તે મુજબ નફસને સવાબ (reward) યા અઝાબ (punishment) મીલે છે.** અપને અપના જન્મ પહેલા શું હતા તેની કોઈને ખબર નથી, પણ એટલી ચીઝ તો અપના હાથમાં અલ્લાહએ આપેલી છે કે, અપની આ મુખ્તસર દુનિયાવી ઝિંદગીમાં ભલાઈ કરીને મૌત બાદ અપને શું બનવું છે તે નક્કી કરી શકીએ. We don't know about past but with present we can shape our future.

તો અય ઈમાનદારો ! જહાં તક અપની જાન અપના જિસ્મમાં છે વહાઁ તક અપને અમલ કરી લઈએ, નેકી કરી લઈએ, મોહબ્બતથી જીવી લઈએ. આ લાકીમત ઝિંદગી હરગિઝ દુનિયામાં આરામ, રમતબાઝી, ઐશ કે waste કરવા વાસ્તે નથી. **અફસોસ કે, આજે લોગો આ મુસાફરીની ઝિંદગીને જ સાચી ઝિંદગી માની બેસા છે અને ખૂબ આરામો ઐશમાં ઝિંદગીને ખોઇ રહ્યા છે.** રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, **"મૂતૂ કબ્લા અન તમૂતૂ"** યાઅની તમને મૌત આવે તે પહેલા તમેં મરી જાવ. કુરઆને કરીમમાં છે કે, "અલહાકોમુત તકાસોરો ...." યાઅની દુનિયાની વધતી ચીઝો તમને ગુમરાહ કરી દેશે યહાઁ તક કે, તમેં કબરોની ઝિયારત નહી કરો, કબરોમાં નહીં જાવો. મૌત પહેલા મરી જાવાનો મતલબ એ છે કે, પોતાની નફસની લઝઝતો, મુતાલેબાત, ખ્વાહિશો, દુનિયાવી ગૈર-ઝરૂરી તકાઝાઓને મારી નાખો, નફસે અમ્મારાને કત્લ કરી દો જે તમને બુરા કામો તરફ ધકેલે છે. નફસે અમ્મારાના મૌત બાદ તમેં નફસે ઝકીયાહના સબબ પાક થઈ જાશો અને હકીકી મૌત તમને જે વકત આવશે તો તમેં બુરાઇ-નાપાકીથી પાકો સાફ હશો. ઈન્સાનની તબીઅત, હિર્સ (envy), હસદ (jealousy), લાલચ (greed), ગુસ્સો (anger) વગૈરાથી ભરપૂર છે. જો એ આ જ બધી શયતાની સિફતોમાં રચોપચો રહે તો શરીઅત અને ઈબાદતનો રસ્તો ભુલી જાય છે. લેહાઝા આ ઝિંદગીના સબબ હમેશાની ઝિંદગી હાસિલ કરવી હોય તો પોતાનામાં છુપેલા શયતાન (નફસે અમ્મારા) ને મારવો પડશે. **આ શયતાનને મારવાથી જ એ ખુદને ઝિંદા કરી શકશે.** હવે જે શયતાનને નથી મારી શકતો એ દુનિયામાં ઝિંદા દેખાતો હોવા છતા મૈયેત છે, શયતાન એની ઝિંદગીને ખાઇ જાશે. આના બરખિલાફ જે શયતાનને મારવામાં કામિયાબ થયો એ મૌત બાદ પણ ઝિંદા રહેશે.

*(બકીયાહ પેજ નં. ૩ પર)*

**સૂરજની તાકત દિવસથી ઝાહિર થાય છે તેમ ઈલ્મની તાકત અમલ કહી બતાવે છે.**

## -::: દોઆ એ પુરઅસર :::-

મૌલાના અલી (અ.સ.) ની શહાદત બાદ મૌલાના ઈમામ હસન (અ.સ.) નો દૌરે ઈમામત ઘણી મહેનતો અને પરેશાનીઓનો હતો. આપના કાંધા પર શીયાઓની હિફાઝત અને અમનો અમાન બરકરાર રાખવાની ઝિમ્મેદારી હતી. શામીઓ આપને ખૂબ પરેશાન અને પશેમાન કરતા હતા અને શરીઅતના હલાલો હરામમાં તબ્દીલી લાવવાની નાપાક કોશિશો કરતા હતા. એક વક્ત આપને ઘણી ભારી તકલીફોના સબબ પરેશાની થઈ તો રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) આપના ખ્વાબમાં તશરીફ લાવા અને આપને આ દોઆએ ખુસૂસી શીખાવી, જેથી આપની તમામ પરેશાનીઓ દૂર થઈ ગઈ. જે કોઈ મુમિન દુનિયાવાલાની બેવફાઈમાં ફસાયેલો હોય, રોઝી અને ઘરેલું તકલીફોથી ઘેરાયેલો હોય, સહેલાય અને સુકૂનનો રસ્તો નમૂદાર ન થાતો હોય તો રોઝ રાતે સુતા પહેલા આ દોઆ પઢે.

**બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ**

**અલ્લાહુમ્મકઝિફ ફી કલ્બી રજાઅકા વકતાઅ રજાઇ અમ્મન સેવાકા હત્તા લા અરજોવા અહદન ગયરક - અલ્લાહુમ્મા વમા ઝઓફત અન્હો કૂવતી વ કસોરા અન્હો અમલી વલમ તન્તહે ઇલયહે રગબતી વલમ તબ્લુગહો મસઅલતી વલમ યજરે અલા લેસાની મિમ્મા આઅતયતા અહદન મિનલ અવ્વલીના વતોઅતીહે અહદન મિનલ આખેરીના મિનલ યકીન ફખુસ્સની બેહી યા અરહમર રાહેમીન.**

***માઅના :-*** અય અલ્લાહતઆલા, મારા દિલમાં તારી ઉમ્મીદને નાંખી દે અને તારા સિવાય હર કોઈથી મારી ઉમ્મીદને કતાઅ કરી દે, તોડી નાખ, યહાઁ તક કે, મેં તારા સિવાય કોઈની ઉમ્મીદ ન રાખું. અય ખુદાતઆલા, તે ચીઝ કે જેથી મારી તાકત કમ્ઝોર થઈ ગઈ, મારો અમલ અધૂરો થઈ ગયો, મારી રગબત તેની તરફ પહોંચી ન શકી, મારો સવાલ પણ ન પહોંચો, મારી ઝબાન પણ તે બોલી ન શકી, તે ચીઝ જે તુંએ અવ્વલીન (આગલના લોગો) માંથી કોઈને આપેલી છે અને આખેરીન (આવનાર લોગો) માંથી કોઈને તું આપીશ, તે છે "**યકીન**" ! આ યકીનથી મને મખ્સૂસ કરી દે, અય રહેમત કરવાવાલાથી ઝિયાદહ રહેમત કરવાવાલો ! ★

---

*(પેજ નં. ૨નું બાકી)*

***મરી જા, તે પહેલા.....***

નફસે અમ્મારા-શયતાન સાથેની આ જંગને જીતવા વાસ્તે અપને ઈમાનદારોને ખુદના નફસને અલ્લાહતઆલાના હુજ્જત-નબી, વસી, ઈમામ યા દાઈ ને સોંપી દેવી જોઈએ. સબબ કે, આ સાહબો અપના વાસ્તે એક ભલા ઉસ્તાઝ, મુરબ્બી, મુઅલ્લિમ, હાદી અને હક્ક તરફથી આવેલા શફીક બાવાજીઓ છે, જેઓની હિદાયતથી અપના ઈમાનનો દુશ્મન, શયતાન-અદૂવે મુબીનને પહેચાનવો ઘણો જ આસાન છે. નફસાની ખ્વાહેશાતને મારીને અપના ઈમાનને ઝિંદા રાખવું તે જ વક્ત મુમ્કિન છે જે વક્ત કે ઉપર ઝિક્ર થયેલા સાહબોની ઈતાઅત (obedience) ની રસ્સીનો એક છેડો અપના હાથમાં હોય અને બીજો અલ્લાહના હાથમાં. **અલ્લાહએ ખુદની તાઅત પછી રસૂલની અને આખિરમાં ઊલિલ અમ્રની તાઅતને અપના પર ફરઝ કીધેલી છે.** અપની નફસે પાકીઝા જે વક્ત ઊલિલ અમ્ર-જે આજે અપના નઝદીક દાઈયુઝઝમાન સૈયદના સાહબ (ત.ઉ.શ.) ની ઝાત મુબારકમાં હાઝિર છે - એમની ઈતાઅત કરશે તો ઈલ્મુલ યકીન હાસિલ થાશે જે દિલમાં પોશીદા હશે. મૌત બાદ અપનું યકીન, ઐનુલ યકીનમાં બદલાઈ જાશે જેનો મુશાહેદો અપની નફસ કરશે. યાઅની કે, અપને દુનિયામાં જો સાહબે હક્કની ઈતાઅત-ફરમાંબરદારીને વફાદાર રહીશું તો અપને જન્નત અને જન્નતી લોગો ના મકામને જાણી શકીશું અને મૌત બાદ આખેરતમાં અપની હકીકી જન્નતનો નઝારો કરી શકીશું. તો આ મુબારક અને પુરનૂર અય્યામને ખુદાની ઈનાયત સમઝીને બેવે યકીન - ઈલ્મુલ યકીન અને ઐયનુલ યકીન - ને અપને હાસિલ કરી લઈએ. ★

**રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, અલ્લાહતઆલાએ બની આદમ-ઇન્સાનના જિસ્મને ચાર જૌહર-ખાસીયતથી નવાઝેલુ છે. આ જૌહરોને બીજી ચાર ચીઝો મીટાવી દે છે. આ જૌહરો છે, (૧) અક્લ (૨) દીન (૩) હયા (૪) નૈક અમલ. હવે ગુસ્સો, અક્લના જૌહરને મીટાવી દે છે, તેમ હસદ દીનને, તમાઅ-લાલચ હયાને અને ગીબત અમલે સાલેહને મીટાવી દે છે.**

**જલ્દી ચાલવું, ઈન્સાનની કરામત, રોઅબ અને હુસ્નને ઝાંખો કરી દે છે.**

## -::: ૧૨ સુન્નતો :::- કિસ્ત-૧

અલ્લાહતઆલાએ આ દુનિયાના કારખાનાને ચલાવવા વાસ્તે અને પોતાના હુકમ-ઈન્સાફના માતહત તમામ મખ્લૂકાત રહે તે વાસ્તે એક મઝબૂત નિઝામ-પરફેક્ટ સિસ્ટમ બનાવેલી છે. આ ઈલાહી હુકૂમતમાં તમામ જાનદાર ચીઝો એક બીજા સાથે ઈખ્લાસ-મિલનસારી-મદદ-મોહબ્બતથી પૈશ આવે તેના પુખ્તા કાનૂન બનાવેલા છે અને ઈન્સાનને તેનો રઈસ-સરદાર બનાવેલો છે. ઈન્સાન પણ પોતે તરબીયત અને તાઅલીમનો મોહતાજ છે, આ કમી ને દૂર કરવા અલ્લાહ વહદહૂ લા શરીકે અંબિયા (અ.સ.) ને મોકલા. આ અંબિયા પર અલ્લાહના ફરમાન નાઝિલ થયા અને આ તરહ ઈન્સાન હિદાયતની રાહ પર ચાલો.

આ જહાનની બંદિશ જેમ **૭ દિન**-એક હફતો અને **૧૨ મહીના**-એક સાલ પર છે, જેમ **૭ આસ્માનો** અને **૧૨ બુરૂજ** પર છે તેમ અંબિયા (અ.સ.) જે દીને ઈસ્લામ લઈને આવા તેમાં **૭ ફરઝો છે અને ૧૨ સુન્નતો** છે. આ ૧૯ ચીઝો પર દીને ઈસ્લામની ઈમારત ઉભેલી છે. "બિસ્મિલ્લાહ" માં "બા" થી "મીમ" તક ૧૯ હરફો અને પંજતને પાક (અ.સ.) ના નામોના કુલ હરફો ૧૯, તે શરીઅતના આ ૧૯ અરકાન પર દલાલત કરે છે. ઈમામ યા દાઈની વલાયત, તહારત, સલાત, સૌમ, હજ્જ, જિહાદ અને ઝકાત આ ફરઝો છે. માઁ-બાપ, બૈરો, રિશ્તેદારો, પડોશી, મુલાઝિમ અને જમાઅતના મુમેનીન સાથે નૈક સુલૂક-ખુશ વહેવાર, તે બાદ, સલામ બોલવો, જમન જમાડવું, હર જગા સાચું બોલવું, બીમારને તબીઅત પૂછવી, નૈકીનો હુકમ કરવો અને ખરાબીથી દૂર રહેવું, આ તમામ ૧૨ સુન્નતો છે, જે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવી ગયા છે.

આ ૧૨ સુન્નતોનું એક બાદ એક તફસીલવાર બયાન થાશે, જેની પહેલી કિસ્ત **"માઁ-બાપ સાથે ભલો વર્તાવ કરવો"**, તે પૈશ કરવામાં આવે છે.

(૧) **"માઁ-બાપ સાથે ભલો વર્તાવ કરવો"**

રસૂલે આઅઝમ, નબીએ અકરમ (સ.અ.વ.વ.) એ માઁ-બાપ સાથે ભલાઈ અને નરમી કરવાની ખાસ તાકીદ ફરમાવી છે. તે જ મુજબ કલામે પાકમાં પણ ખુદાએ માઁ-બાપ પર એહસાનનો હુકમ ફરમાવો છે. આમાં પણ બાવાજી અને માઁ ની ખિદમતના અલગ-અલગ દરજા અને સવાબ બતાવવામાં આવા છે. કલામે પાકની આયતમાં બયાન છે કે, હમેં ઈન્સાનને તેના માઁ-બાપને સાથે હુસ્ને સુલૂક અને અચ્છાઈ સાથે પૈશ આવવાની વસીયત કીધી. તેની માઁએ તેને **૯ મહીના તક તકલીફો ઉચકીને** પેટમાં રાખો, સંભાલો, સાચવો, મહેનત અને મશક્કત સહન કરીને તેને જન્મ આપો. ખુદાતઆલાએ મઝકૂર આયતમાં માઁ-બાપ સાથે ભલાઈ અને નમનતાઈ કરવાનો હુકમ ફરમાવીને ઔલાદ ઉપર માઁની નઝરે લતાફતને બાપ કરતા ઝિયાદહ બતાવી છે. બીજી આયતમાં ખુદાતઆલા ફરમાવે છે કે, હમેં ઈન્સાનને તેના માઁ-બાપ વાસ્તે વસીયત કીધી છે. તેની માઁએ તેને તકલીફ પર તકલીફ બરદાશ્ત કરીને રહેમ (ગર્ભ) માં રાખો છે. હવે જે વક્ત ખુદાએ બંનેમાંથી માઁની ઔલાદ વાસ્તેની ઝિમ્મેદારીને અલગ બતાવી છે તો અપના પર ફરઝ છે કે, માઁની હુરમત વધારે રાખીએ, તેને ઘણી ઈઝઝત બખશીએ, તેમજ તેના સાથે નૈક સુલૂક કરીએ.

ખુદાતઆલાએ માઁ ના એહતેરામ વાસ્તે કુરઆનમાં બે નબીઓના માઁ સાહેબાની ઝિક્ર કીધી છે. એક મૌ.ઈસા રૂહુલ્લાહ (અ.સ.) ના **માઁ મૌ.મરિયમ** છે અને બીજા **માદરે મૂસા** કલીમુલ્લાહ (અ.સ.) છે. ખુદા માઁ મરિયમને કહે છે કે, હમેં તમને જહાનના બૈરાઓમાંથી ચુની લીધા, પસંદ કરી લીધા, તમને પાક કીધા તો તમેં પરહેઝગાર બનીને ખુદાની તાઅત કરો, સજદો કરો અને રૂકૂઅ દો. મૌ.ઈસા (અ.સ.) ને ખુદાએ પાલના માં કિતાબ અને હિકમત આપીને નબી બનાવા. આપ લોગોને કહેતા હતા કે, ખુદાની તાઅત બાદ તમારી માઁ સાથે ભલાઈ કરવી તમારા ઉપર વાજિબ છે, કેમકે તેએ તમારી તરબીયત વાસ્તે ઘણી કુરબાની આપી છે. મૌ.ઈસાની પહેચાન એમના માઁ મૌ.મરિયમથી થઈ અને આપ નબી ઈઝઝત પાયા તે આપના માઁ ની પરહેઝગારીના લીધે હતી.

(બકીયાહ આવતા શુમારામાં) ★

**દિલમાં સાચવેલા ઈલ્મને તમેં કિતાબમાં કૈદ કરી લો.**

## -::: હિકમતના લોગો વાસ્તે " હકીમસાબ " ના નુસ્ખા :::-

### Tobacco - તમ્બાકુ

### તંદુરૂસ્તીનું ખૂન કરવાનો દર્દનાક તરીકો

✷ આજથી ૧૪૨૫ સાલ પહેલા અલ્લાહતઆલાએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઝરીએ તમામ કલેમા પઢનારાઓ પર "છાક" ની ચીઝો લેવાનું હરામ કીધેલું છે. છાક ની ચીઝો (addictive substances) માં તમ્બાકુ - Tobacco શામિલ છે - પછી એ કોઇ પણ તરીકાથી લેવામાં આવે - પડીકી, ગુટખા, પાન, સીગારેટ, બીડી, હુક્કા, મુખવાસ, વગૈરા. જે શખ્સને આ ચીઝો લેવાની આદત હોય અને અગર એને કહેવામાં આવે કે, "ભાઇ આ ચીઝો છોડી દો" તો તેનો જવાબ હશે - "મને બધું કેહજો મગર આ ચીઝ મારાથી નહી છૂટે". બસ, અગર આ જવાબ મીલે તો સાબિત થાય છે કે, તમ્બાકુ છાક વાલી ચીઝ છે સબબ કે તેને લેનાર તેની તરફ ખેંચાય છે અને તેને ખાવાથી ખાનાર કહે છે કે, એને "ઘણું સારૂં" લાગે છે, દિમાગ દોડવા લાગે છે, એક તાકતનો એહસાસ થાય છે. દોસ્તોના કહેવાથી તજરૂબો કરવા એક વક્ત લીધેલી આ ખરાબ ચીઝ આહિસ્તા-આહિસ્તા એક આદતે બદ બની જાય છે? આ લત એવું ખતરનાક રૂપ લે છે કે, ખીસા ખાલી કરવાના સાથે આ ચીઝો નશાખોરનું હરરોઝનું જમન બની જાય છે. આ જમન નથી પણ slow poison છે.

✷ જે નશીલી ચીઝને શરીઅતે સદીઓ પહેલા હરામ કીધી એને આજનું science નંબર વન killer - કાતિલ કહી રહ્યું છે. આજની દુનિયામાં લોગો WORLD TOBACCO DAY ઉજવે છે અને તમામ ને તેના ખતરાઓથી અને ખરાબીઓથી આગાહ કરે છે. અરે ભાઇ ! અગર ખુદા, રસૂલ અને એના વલીનું કહ્યું માનુ હોત તો આ ચીઝ કરવાની ઝરૂરત ન થાત.

✷ આજના નૌજવાનો નો આવી હરામ-છાક વાલી ચીઝો તરફ ઝુકાવ વધારે છે. આ નાદાનોનું એમ માનવું છે કે, જો તમેં cigarette, હુક્કો યા ગુટખો ન ખાવ તો તમેં જુનવાની લાગો - modern અને stylish દેખાવવું હોય તો આ બધી ચીઝો લેવી પડે. મગર હકીકતમાં તેઓ ખુદકુશી (suicide) કરી રહ્યા છે, પોતાને મારી રહ્યા છે, તંદુરૂસ્તીનું કત્લ કરી રહ્યા છે. હરામ ચીઝો કરવાથી યા ખાવાથી કોઇ modern નથી બનતું મગર તેઓ ખૌફનાક બીમારીની રાહ તરફ કૂચ કરી રહ્યા છે.

✷ તમ્બાકુ નો એક અસર body પર એ છે કે, તેના ખાનાર પર daily tensions યા તનાવ નો અસર ઓછો પડે છે અને તેના અસરથી નશાખોર એની દુનિયામાં જ રચો પચો રહે છે. આજના નૌજવાનો બહાનો કરે છે કે, કામના stress યા tension ને દૂર કરવા વાસ્તે હમેં તમ્બાકુ લઇએ છીએ અગર stress યા tension ને દૂર કરવું જ હોય તો ઝિંદગી જીવવાનો તરીકો સુધારવો જોઇએ અને તમ્બાકુ લેવા સિવાય બીજા ઘણા રસ્તા છે. તમ્બાકુ ખાનાર ને અગર આજનું science, unhealthy યાઅની બીમાર કહે છે, તો શરઇ તૌર પર યાઅની દીનની તમામ ચીઝોમાં પણ એ શખ્સ બીમાર જ છે.

✷ તમ્બાકુ ના side effects ની કોઇ ગિનતી નથી. અગર તમામ ચીઝો લખવામાં આવે તો યહાઁ ઘણું જ દરાઝ થઇ જાય. મૂઁહ ના cancer, ફેફસાનું cancer, sexual તકલીફો, infertility (વાંઝ્યાપણુ), હાડકા અને જોડ કમઝોર બનવા, માનસિક રોગો, heart ની બીમારીઓ, liver ની તકલીફો, વગૈરા.

✷ એક study મુજબ જે શખ્સ cigarette (તમ્બાકુની એક શિક્લ) પીતો હોય અને જો અગર એ છોડવાનો ઇરાદો કરે તો એની body માં છેલ્લી cigarette પીધા પછી શું શું બદલાવ આવે છે તે નીચે મુજબ છે :

| | |
|---|---|
| ૨૦ મીનીટ | બ્લડ પ્રેશર અને ધબકારા normal થાય છે. |
| ૮ કલાક | કાર્બન ડાયોક્સાઇડ અને ઓકસીજન ની માત્રા નોર્મલ થાય છે. |
| ૨૪ કલાક | હાર્ટ એટેક ના chances ઘટે છે. |
| ૪૮ કલાક | Nerves (જ્ઞાનતંતુ) નો growth normal થાય છે જેથી taste અને smell કરવાની તાકત વધે છે. |
| ૭૨ કલાક | હવાની નલીઓ (tubes) relax થાય છે અને lungs નો power વધે છે. |
| ૨ અઠવાડીયા-૩ મહીના | Body માં blood નું circulation (ખૂનનું ભ્રમણ) વધે છે અને lungs નો પાવર ૩૦% વધે છે. |
| ૧ - ૯ મહીના | ખાંસી, થકાવટ, સાંસ લેવામાં તકલીફ, lungs માં ગળફો બનવું, infection થવું ઘટે છે અને lungs normal થઇ જાય છે. |

✷ જે મુજબ cigarette પીવાથી lungs ખરાબ થાય છે તે જ મુજબ તમ્બાકુ મૂઁહ થી લેવાથી (પડીકી, ગુટખા) આ બધા બદલાવ મૂઁહમાં અને પાચન ક્રીયા માં આવે છે. તમ્બાકુ બધી જ રીતે નુકસાન કારક છે. ઝિંદગીને સુધારવી હોય અને દર્દનાક મૌતથી બચવું હોય તો આવી હરામ ચીઝોને છોડવી અકલમંદી નું કામ છે.

* **આજવા રોડ** : રવિવાર / બુધવાર : સવારે ૧૦:૦૦ થી ૧૨:૩૦, જુમોઆ : સાંજે ૫:૦૦ થી ૮:૩૦ ★
* **જહાંગીર પૂરા** : મંગલવાર / જુમેરાત / શનિવાર : સવારે ૧૧:૦૦ થી ૧:૦૦ ★
* **વાસણા રોડ** : સોમવાર થી જુમેરાત અને શનિવાર : સાંજે ૫:૦૦ થી ૮:૦૦ ★

**અમનપરસ્ત જાહિલ, ફસાદખોર આલિમ કરતા અફઝલ છે.**

## -::: લફ્ઝી કશ-મ-કશ :::-

કારેઈન વાસ્તે લફ્ઝી કશ-મ-કશને નવા અંદાઝથી પૈશ કરવામાં આવે છે. આમાં ખાના આપેલા છે જેમાં નંબર મુજબ સવાલ પૂછવામાં આવો છે. દરમિયાનનું ખાનું ખાલી રહેશે અને બાકીના ખાના જવાબ સહી હોવાના સાથે ભરાઈ જશે અને પૂરી તરકીબ મુકમ્મલ થઈ જશે. નીચે આપેલી કશ-મ-કશને સહી તૌર પર પૂરી કરી તેને સિલસિલાવાર લખી પોસ્ટ કાર્ડ યા E-mail યા રૂબરૂ આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેના જવાબો સહી હશે તેમનો ડ્રો કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તે ખુશકિસ્મત નામને હમેં સાચા જવાબો સાથે આવતા શુમારામાં ઝાહિર કરીશું. જવાબ આપનાર પર લાઝિમ છે કે, તે પોતાનું નામ, એડ્રેસ અને ફોન નં. ઝરૂરથી લખી મોકલે.

તો, તૈયાર થઈ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને તમારા કિસ્મતના ઘોડાને તેઝ કરો.....

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**ઊભી તરકીબ :**

(૧) મૌલાના અલી (અ.સ.), અલ્લાહતઆલાના ------ છે. (૨)

(૨) ઈબ્લીસ લઈન, નજિસ છે, નાપાક છે, ------- છે. (૩)

(૩) નવા સાલના સબબ મોહર્રમુલ હરામમાં હલવા જેવું એક પકવાન પકાવવામાં આવે છે, જેને ------- કહે છે. (૩)

(૭) મકર, ફરેબ. (૨)

**આડી તરકીબ :**

(૨) મૌ.ઈબ્રાહીમ નબી (અ.સ.), અલ્લાહતઆલાના ------ છે. (૩)

(૪) વસી કરતા ઉપર ------ નો દરજો છે. (૨)

(૫) "------, અપને જલ્દી મસ્જિદમાં જઈએ." (૨)

(૬) ------, અલ્લાહના ગુસ્સાની આગને બુઝાવી દે છે. (૩)

**ગયા શુમારાનો ખુલાસો :**

| | | | | |
|---|---|---|---|---|
| | | અ | | |
| | મી | સા | ક | |
| બ | લા | | ર | બ |
| | દ | રા | ઝ | |
| | | હ | | |

**આ તરકીબનો સહી જવાબ આપનાર : હાજરાબુ યાહયાભાઇ ભાઇસાહેબ.**

★

## -::: ગુલ્શને ફિક્હ :::- દીને ઈસ્લામમાં જાઈઝ-નાજાઈઝની ઝિક્ર

### -: નમાઝ :-

✣ મૌ.ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) અને મૌ.ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, તું કોઈ પણ નાફેલત ન પઢજે એવી હાલતમાં કે તારા ઉપર એક પણ ફૌત થયેલી ફરઝની નમાઝ પઢવાની બાકી હોય. પહેલા તું તારી કઝા થયેલી ફરઝની નમાઝને પઢી લે તે બાદ જ તું નાફેલત પઢી શકે છે. ફરીઝતોની અદાએગી પછી જ અલ્લાહતઆલા નાફેલતને કુબૂલ કરે છે. એક મરદે અરઝ કીધી કે, અય મૌલા, આ કઈ તરહ ? આપે ફરમાવું કે, તું જ મને સમઝાવ કે, અગર તારા ઉપર શહરે રમઝાનનું એક દિનનું પણ **રોઝું** બાકી હોય તો શું તે રોઝાને વાલવા પહેલા તું નાફેલત-તતવ્વાઅના રોઝા કરી શકે છે ? યા તારા ઉપર **ઝકાત** આપવું ફરઝ થાય તો તે ઝકાતને હમને અદા કરતા પહેલા સદકો આપી શકે છે ? તે મરદે જવાબ આપો કે, આ કઈ તરહ મુમ્કિન થાય, હરગિઝ નહીં. આપે ફરમાવું કે, બસ, **તો આ જ મુજબ નમાઝ વાસ્તે પણ હુકમ છે.**

✣ આપ (અ.સ.) એ ફરમાવું કે, અગર નમાઝી જોઈ કે નમાઝનો વક્ત કઝા થઈ જાશે તો પહેલા ફરઝને અદા કરી લે પછી વક્ત મીલે તો સુન્નત યા નાફેલતને અદા કરે. મસ્જિદમાં કોઈ શખ્સ તાખીરથી દાખિલ થયો અને ઈમામ ફરઝ વાસ્તે ઊભેલા છે તો પહેલા ઈમામતની નમાઝ સાથે ફરઝને અદા કરી લે પછી બીજી નમાઝો પઢે.

✣ આપ (અ.સ.) એ ફરમાવું કે, સફરની હાલતમાં ઝોહર-અસર અને મગરિબ-ઈશાઈલ આખેરતની નમાઝો એક સાથે પઢવામાં રૂખ્સત આવેલી છે. આ બેવે નમાઝોમાં સુન્નત-નાફેલતની નમાઝો દરમિયાનમાં આવતી નથી અને સફરમાં જે વક્ત કસરની હદ લાગુ પડે (આવવા-જાવાના ૩૮.૬ કી.મી) તો ઝોહર-અસર-ઈશાના **ફરઝોની ૪ રકાતના બદલે ૨ રકાત કસર** કરીને પઢવી જોઈએ. જે વક્ત સખ્ત બારિશ, ઠંડી, આંધી, તૂફાન જેવા શદીદ હાલાત હોય તો ઝોહરના ફરઝ સાથે અસરનું ફરઝ અને મગરીબના ફરઝ સાથે ઈશાનું ફરઝ મીલાવીને પઢવામાં કોઈ હરજ નથી. એક અઝાન સાથે બે ઈકામત કહીને બે-બે ફરઝ પઢી શકાય છે. જે શખ્સની કોઈ નમાઝ ફૌત થઈ હોય તો જે વક્ત એને યાદ આવે તે વક્ત એ નમાઝને કઝા પઢી શકે છે.

*(બકીયાહ પેજ નં. ૭ પર)*

**આલિમ હોય અને ઝમીનમાં ફસાદ પૈદા કરે તો તે શયતાનનો ચેલો છે, આલિમ નથી.**

## -::: ઈન્તેકાલ પુર મલાલ :::-

નામ : **ઝૈનુદ્દીન નજમુદ્દીન સૂરતી**
સરનામું : ઉમલ્લા.
તારીખ : ૨૫ રજબ ૧૪૩૧ / ૬-૭-૧૦, મંગલવાર.
ફોન : ૯૯૦૪૧૪૦૯૫૨

---

નામ : **મહફૂઝાબુ હુસૈનઅલી ગ્રાન્ટરોડવાલા**
સરનામું : ભાઈખલા, મુંબઈ.
તારીખ : ૨૦ રજબ ૧૪૩૧ / ૧-૭-૧૦, જુમેરાત.
ફોન : ૦૨૨-૨૩૦૯૫૧૭૩

---

નામ : **ખદીજાબુ અલીભાઇ ઇલેક્ટ્રીકવાલા**
સરનામું : સાકીનાકા, મુંબઈ.
તારીખ : ૨૦ રજબ ૧૪૩૧ / ૧-૭-૧૦, જુમેરાત.
ફોન : ૦૨૨-૭૩૭૬૩૧૫૪

---

નામ : **ઝાકિરહુસૈન સફીયુદ્દીન લોખંડવાલા**
સરનામું : સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ, ફતેહગંજ, વડોદરા.
તારીખ : ૧૧ રજબ ૧૪૩૧ / ૨૨-૬-૧૦, મંગલવાર.
ફોન : ૦૨૬૫-૨૭૮૦૪૭૩

---

નામ : **સાર્રાહબુ બદરૂદ્દીન સૂરતી**
સરનામું : ડોંગરી, મુંબઈ.
તારીખ : ૧૧ રજબ ૧૪૩૧ / ૨૨-૬-૧૦, મંગલવાર.
ફોન : ૦૯૮૨૧૯૪૦૭૮૬

---

નામ : **બતૂલબુ શરફઅલી ખોખાવાલા**
સરનામું : મરકઝે હુસૈની પાસે, બદરી મોહલ્લા, વાડી, વડોદરા.
તારીખ : ૮ રજબ ૧૪૩૧ / ૧૯-૬-૧૦, મંગલવાર.
ફોન : ૦૯૨૭૪૨૪૧૯૦૨

---

નામ : **રૂકૈયાબુ આદમભાઇ અત્તરવાલા**
સરનામું : તૈયેબી પાર્ક, આજવા રોડ, વડોદરા.
તારીખ : ૨ રજબ ૧૪૩૧ / ૧૩-૬-૧૦, રવિવાર.
ફોન : ૦૯૮૨૪૪૮૦૮૭૫

---

નામ : **શરીફાબુ મુ.ઝૈનુદ્દીન કાચવાલા**
સરનામું : બદરી મોહલ્લા, વાડી, વડોદરા.
તારીખ : ૨૮ જુ.આખર ૧૪૩૧ / ૧૦-૬-૧૦, મંગલવાર.
(મુમેનીનને મરહૂમના ફાતેહા પઢવા વાસ્તે ઈલ્તેમાસ છે.)

---

નોંધ :-
જે મુમેનીન આ અખ્બારમાં ફોટા સાથે કોઈ પણ મૌકાની ખબર આપવા માંગતા હોય, તો તેના વાસ્તે રૂા.૭૫/- હદીયો મુકર્રર થયેલો છે. આ ખબરને વેબસાઈટ પર મુકવી હોય તો તેનો અલ-હાદી સાથેનો કુલ હદીયો રૂા.૨૦૦/- રાખવામાં આવો છે. ★

*(પેજ નં. ૬નું બાકી)* ***ગુલ્શને ફિક્હ.....***

✣ મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ફરમાવે છે કે, રસૂલે ખુદા (સ.અ.વ.વ.) અસ્હાબ સાથે એક વક્ત સફર પર પધારા અને રસ્તામાં એક વાડીમાં ઠહેરા, જ્યાં આપે રાત ગુઝારવાની નિય્યત કીધી. આપે ફરમાવું કે, આજે રાતે કૌન શખ્સ હમારી અને હમારા માલ-અસ્બાબની નિગેહબાની કરશે ? હ.બિલાલ ઊભા થયા અને કહ્યું કે, યા રસૂલલ્લાહ (સ.અ.વ.વ.), હું આપનો અદના ખાદિમ હાઝિર છું. તે બાદ આપ અને અસ્હાબ તમામે તમામ સુઇ ગયા અને ત્યાં તક ન ઉઠા જ્યાં તક સૂરજની ગરમી એમના ઉપર ન પડી. જે વક્ત ગરમી ઝિયાદહ થઇ તો એક-એક કરીને બધા ઉઠા. આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, આ શું કીધું ? અય બિલાલ ! બિલાલે અરઝ કીધી કે, યા રસૂલલ્લાહ, જેમ આપ લોગો પર ઉંઘ ગાલિબ થઈ તેમ મારા ઉપર પણ થઈ. આપે ફૌરન ફરમાવું કે, અય અસ્હાબ, આ વાડી માંથી હટી જાવ કે જ્યાં તમને આ મુજબની ગફલત થઈ. **ઝરૂર તમેં શયતાનની વાડીમાં રાત ગુઝારી.** તે બાદ આપે વુઝૂ કીધી, અસ્હાબ પણ નમાઝ વાસ્તે તૈયાર થયા. આપે બિલાલને અઝાન વાસ્તે ફરમાન કીધું. આપે અઝાન બાદ ફજરની સુન્નત પઢી તે બાદ ઈકામત કહીને ફજરના ફરઝની નમાઝ પઢી. ★

**તે કૌમ હરગિઝ કામિયાબ નહી થાય જે પોતાના અહમ ફેસલાઓને, બાબતોને જાહિલ બેવકૂફ બૈરો પર છોડી મુકશે.**

## -::: ખાસ મુલાહેઝા :::-

"મિશ્કાતુલ હાદી" ની main matter ના કુલ ૮ પાના છે અને આ સાથે ઝાહેર ખબર તથા બચ્ચાઓની મુબારકબાદીના બીજા ૬ પાના છે. વડોદરા શહેરમાં મુમેનીનને કુલ ૮+૬ પાના દસ્તયાબ થાશે અને બીજા શહેરના મુમેનીનને ફક્ત main matter પોસ્ટ કરવામાં આવશે. લેહાઝા જેઓને બીજા ૬ પાનાની matter જોવી હોય તેઓ Internet પર અપની વેબસાઈટ www.alavibohra.org પર જોઈ શકે છે. ★

**દુશ્વારી અને તકલીફમાં કૌન મદદરૂપ થાય છે તેનાથી સાચા દોસ્તની પહેચાન થઈ શકે છે.**

## -::: આઈનએ દરસે તૈયેબી :::-

✣ જે વક્ત મૌ.આદમ સફીયુલ્લાહ (અ.સ.) ને એના રબ તરફથી હિદાયત મીલી તો આપે શરીઅતના પાયાને મઝબૂત કીધા, દીનના અરકાનને કાઈમ કીધા અને નૂરાની આલમમાં આપ ફરિશ્તાઓની જે તરતીબ જોઈને આવા હતા તે જ મુતાબિક દુનિયામાં અલ્લાહના ફરમાનથી દીનના નિઝામમાં આપની દાઅવતના સાહબોની તરતીબ મુકર્રર કીધી. તે સાહબોમાંથી આપના ખલીફાને પણ કાઈમ કીધા કે જે આપના બાદ તમામ લોગો કરતા ઝિયાદહ આલિમ હોય. નૂરાની આલમમાં જે મુજબ ફરિશ્તાઓ એ આપને સજદો કીધો હતો તે જ ગિન્તી મુતાબિક **આપની દાઅવતના નિઝામ વાસ્તે આપે હુજ્જતોને કાઇમ કીધા.** આ હુજ્જતોને આપે ફરમાને ઈલાહી મુજબ હુકમ કીધો કે, તેઓ આપની અને આપના ખલીફાની તાઅત કરે, જે ખલીફાને આપે મુસ્તફા કીધા, બીજાઓમાંથી પસંદ કરી લીધા, ઈલ્મો ફઝીલતના સબબ દરજો હાસિલ કીધો.

✣ અલ્લાહતઆલાની સુન્નતે મુબારકહ એ છે કે, જાહિલ લોગોને નૈકી અને દીનદારીની રાહ બતાવવા વાસ્તે તેઓના માંથી જ કોઈ એક ને ખલીફાને મુકર્રર કરવામાં આવે. આ સુન્નતના સબબ અલ્લાહતઆલાએ મૌ.આદમ, દુનિયાવાલાઓ વાસ્તે અલ્લાહના પહેલા ખલીફા અને નબી મુકર્રર કીધા. મૌ.આદમ પણ અલ્લાહની સુન્નત પર ચાલા અને મૌ.હાબીલને આપની જગા પર કાઈમ કીધા. આપે આ સુન્નતે ઈલાહીયહની નૂરાની આલમમાં માઅરેફત કીધી હતી અને નઝરોથી મુશાહેદો કીધો હતો. આપના બાદ હર એક અંબિયા આપના નકશે કદમ પર ચાલા અને તમામે પોતાના બાદ વસી અને હુજ્જતોને કાઈમ કીધા અને તે હુજ્જતો (દાઅવતના સાહબો) ને હુકમ કીધો કે, તેઓ અલ્લાહ અને નબી બાદ વસી ની ફરમાઁબરદારી-તાઅત કરે. આ વાસ્તે અલ્લાહતઆલા ફરમાવે છે કે, **"સુન્નતા મન કદ અરસલના કબલકા મિર રોસોલેના વલા તજેદો લેસુન્નતેના તહવીલા."** યાઅની કે, અય રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.), આપના પહેલા જે રસૂલોને હમેં મોકલા, તેની સુન્નત પર આપ ચાલો અને કયામત તક હમારી સુન્નતમાં કોઈ તબ્દીલી આપ નહીં પરામો. આ સિલસિલામાં બીજી એક આયતમાં ફરમાવું કે, તે અલ્લાહની સુન્નત પર તમેં ચાલો કે જે દુનિયાના વુજૂદ પહેલાથી ચાલતી આવે છે, અને આ સુન્નતમાં તમેં હરગિઝ ફેરફાર નહી જોવ.

✣ આ ઈલાહી ફરમાનના માતહત અમીરૂલ મુમેનીન મૌલાના અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) ને આપ નબી સાહબે (સ.અ.વ.વ.) આપના બાદ આપની ઉમ્મતમાં આપના ખલ્ફ, જાઁનશીન અને મૌલા બનાવા. મૌ.આદમે જેટલા હુજ્જતોને કાઈમ કીધા હતા એટલા જ હુજ્જતોને આપે કાઈમ કીધા અને આપે બશારત સંભલાવી કે, **કયામત તક આ ઇલાહી સુન્નત મારી ઇતરતમાં, મારી આલમાં જારી રહેશે.** કોઈ ઈમામ ગુઝરે જ નહીં જહાઁ તક એ પોતાના જાઁનશીનને અને હુજ્જતોને એના ઝમાનમાં મુકર્રર ન કરે. કેમકે દુનિયાનો હર ખાનદાની યા બાદશાહી સિલસિલો તૂટી જાશે પણ ઈમામતનો સિલસિલો, જેના સાથે અલ્લાહનું દીન જોડાયેલું છે, તે કોઈ વક્ત તૂટશે નહીં. ઈમામોના આવવામાં કોઈ વક્ત ઈન્સાનની દખલગીરી ચાલશે નહી પણ ઈમામ તો નસ્સ અને નૂરથી કાઈમ થઈને આવા જ કરશે. ★

**નોંધ :** **મિશ્કાતુલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુબંઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬. ★

## -::: ઝાહેર ખબર :::-


**PERSONAL TUITIONS**

KG to Std.VIII (GSEB & CBSE) Along with guaranteed English Learning. Limited Seats, Grab the opportunity.

Contact : **Mrs. Sakina Giniwala**
9428977872 / 9427341453
Add.: 112, Taj Complex, Ajwa Road, Vadodara. ★

**Maxim Refrigeration**

Repairs & Services of all types of Refrigerators, ACs & Washing machines & Annual Maintenance.
B-10, Vishramnagar Society,
Opp. Taksh Complex, Vasna Road,
Vadodara - 15.
**Mashkur - 9925595229** ★

Ismat Madam's
**Genius Personal Tuition Class**
Std.10 : Sanskrit, Gujarati, Hindi
(Eng. & Guj. Medium)
**Ismat A. Gulabiwala (M.A., B.Ed.)**
103, Ali Chamber-1, Taiyebi Park,
Ajwa Road, Vadodara - 19.
M.: 9974405146 ★

*Pride of Alavi Bohra community*
*Congratualation to .......*


**Fatema O. Chimniwala**
1st in Dept. of Botany - S.Y. B.Sc.
(M.S.UNIVERSITY)
**First Class with 60.5%**

**Graphics Designer & Commercial Artist**
Designers of Multi Colour Visiting Cards & Logo ,
Flax Banner in English, Gujarati, Hindi, Urdu & Arabic .
**Railway e-ticket & Air Ticket Booking**
Flat No. 3, 2nd Floor, Riyaz Apartment,Nr. Mahavir Hall,
Ajwa Road, Baroda. Contact : 9228774762


## -::: ઝાહેર ખબર :::-


**Image Accountancy**
Ibrahim H. Tinwala
M.: 9898442032
Contact for all types of computer accounting work, sales tax return manual & vat-e-return, CST-e-return & Personal return.

**Zulfi Travels**
Zulfiqarali H. Tinwala
M.: 9974382384 (R) 2510639
Govt.Authorised
IRCTC Railway Agent
Contact for all types of Railway ticket booking, Air & Bus Booking.
**B-203, Sakina Appt., Taiyebi Park Society, Ajwa Road, Vadodara.** ★

**Royal Events**
Weddings, Birthday Parties, Anniversaries, Brand Promotion, Product Launch, Road Shows, Corporate Events, Conferences, Etc.
**Ali Asgar Lalawala (Clipwala)**
M.: +919825578694
**Lameaa Lalawala (Clipwala)**
M.: +919712997860
C-201, Gulistan Appt., Near Taiyebi Park Society, Ajwa Road, Vadodara-390 019.★

**Royal Carpet House**
Floor Covering, Imported Wall to Wall Carpets, Wall Covering, Window Dressing, Non Woven & Loop/Cut Pile Carpets.
**Anees Patel : 9374234805 / 0265-6546570**
G-1, Shyamwala Complex, Opp. Bhadra Kacheri, Panigate, Vadodara. ★


**શરાફતની નિશાની તે માથા પરનો તાજ અને ચહેરા પર દાઢી છે, અપની ટોપી તાજ કરતા કમ તો નથી જ.**

## -::: ઝાહેર ખબર :::-

### બદરી સ્વીટસ

**અમારે ત્યાં મુંબઇ તથા વડોદરાની પ્રખ્યાત મિઠાઇઓ, ફરસાણ મળશે. લગ્ન તેમજ શુભ પ્રસંગના ઓર્ડર લેવામાં આવશે.**

*૩, અલવી એપાર્ટમેન્ટ, હરણખાના રોડ, પાણીગેટ,* વડોદરા - ૩૯૦ ૦૧૭.

ફોન : ૦૨૬૫-૨૫૬૨૫૭૨ મો.: ૯૫૮૬૮૮૪૭૭૩ ★

### ફાઈન આર્ટ કલાસ

→ ફેબ્રીક પેઈન્ટીંગ, એમ્બોસ પેઈન્ટીંગ, જરીવર્ક, બીડસ વર્ક તથા એમ્બ્રોઈડરી વર્ક શીખવા માટે.

→ જરી વર્ક માટે જરી પાવડર, ગ્લૂ તથા અન્ય મટીરીયલ્સ વ્યાજબી ભાવે મેળવવા.

→ ઓર્ડર મુજબ આકર્ષક ડ્રેસ, રીદા, ઘાઘરા-ઓઢણાં ઉપર વર્ક તેમજ પેઈન્ટીંગ કરવા માટે.

કોન્ટેક્ટ : બુરહાના એમ. ગોદીવાલા,
એ-૩૨, બહાર કોલોની, આજવા રોડ, વડોદરા - ૧૯.
મો.: ૯૯૯૮૫૮૨૭૧૬ ★

### એમ. એમ. ગ્લાસ

**(મોહસીન એસ. સુરતી)**

ફોન : ૨૫૨૧૫૬૯ / ૯૮૨૫૫૫૨૧૫૧

**દરેક પ્રકારના બારી બારણાંના કાચ તથા એલ્યુમિનિયમ સેક્સન બારી-દરવાજા-પાર્ટીશન ના કામ માટે.**

જી-૧, શાલીમાર ફલેટસ, ટેલીફોન એકસચેન્જ, પાણી ની ટાંકી પાસે, આજવા રોડ, વડોદરા. ★

### માસુમા બુટીક

૧૩-૧૫, સૈ.મુસનજી તાજ સાહેબ શહીદ દરગાહ, પાણીગેટ, વડોદરા - ૧૭.

**દુલ્હન જોડીઓ, નમાઝી તથા ફેન્સી જોડીઓ, કાપડમાં રિદા-કુર્તા-સાયા-સુસી-જાજમ-પડદા-એહરામ-કોટન-વગૈરા, ફેન્સી રિદાઓ અને પંજાબી, મસલ્લા અને હદીયાની અનેક આઇટમો વાજબી ભાવે મળશે.**

ફોન : ૯૯૧૩૭૩૩૪૮૬૬,
૨૫૧૨૬૩૮, ૨૫૬૦૯૦૯. ★

## -::: ઝાહેર ખબર :::-

### કલાસિક ફોટો સ્ટુડીઓ

**મોહંમદઅલી કાચવાલા** મો.: ૯૯૦૪૪૭૦૪૯૮
**મઝહરઅલી એમ. કાચવાલા** મો.: ૯૫૫૮૬૪૯૯૭૨

અમારે ત્યાં નીચે જણાવ્યા મુજબના કામ કરી આપવામાં આવશે :

(૧) ડીજીટલ સ્ટુડીઓ ફોટોગ્રાફી (૨) પાસપોર્ટ ફોટો (૩) ઈમીગ્રેશન અને વીઝીટર વીઝા ફોટો (૪) ફોટો એડીટીંગ (૫) વેડીંગ ફોટોગ્રાફી (૬) ચીલ્ડ્રન્સ, ફેમેલી અને ગ્રુપ ફોટોગ્રાફી (૭) ઈન્ડસ્ટ્રીયલ તેમજ પ્રોડક્ટ ફોટોગ્રાફી (૮) કોઈપણ પ્રકારના ફંકશન - પ્રસંગની ફોટોગ્રાફી (૯) રોલ ડેવલોપીંગ અને પ્રિન્ટીંગ (૧૦) ફોટો પ્રિન્ટસ : સી.ડી., મેમરી કાર્ડ, પેન ડ્રાઈવમાંથી (૧૧) પર્સનાલાઈઝડ ગ્રીટીંગ્સ, બર્થડે ઈન્વીટેશન કાર્ડસ, વીઝીટીંગ કાર્ડસ.

➽ ઉવેઝ ચેમ્બર, દુકાન નંબર ૩, સુલેમાની બેંક પાસે, ઝાયકા કેટરર્સની બાજુમાં, સુબ્હાનલ્લાહ હોટેલ સામે, ગેંડીગેટ રોડ, વડોદરા - ૩૯૦ ૦૧૭. ★

**.... કારપેટ .... કારપેટ .... કારપેટ ....**

અમારે ત્યાં નવીન ડિઝાઈન અને કલરમાં દરેક પ્રખ્યાત કંપનીની કારપેટ ખરીદવા માટે પધારો....

### લકી કારપેટ સેન્ટર

C/o. **મહેબૂબભાઇ ભાઇસાહેબ** ફોન : ૨૫૮૦૫૬૬
વાયડા પોલના નાકે, વાડી, ચોખંડી, વડોદરા. ★





**એકલા હોય યા કોઈના સાથે હોય, પણ અમલમાં ફરક ન પડવો જોઈએ.**

## મદ્રસએ તૈયેબીયાહના તલેબતને કામિયાબીની મુબારકબાદ

જમાઅતનો મકબૂલ તાઅલીમી ઈદારો મદ્રસએ તૈયેબીયાહના નિઝામને ઝૈર ૧૪૩૧ હિ. ના સાલાના દીની ઈમ્તેહાનની તરતીબ આપવામાં આવી હતી. આ ઈમ્તેહાનમાં પાઁચ અય્યામ તક મદ્રસાના તાલિબે ઈલ્મોની મુખ્તલિફ તરીકાથી આઝમાઈશ કરવામાં આવી હતી. બદરી મોહલ્લા અને આજવા રોડ પરની તમામ ક્લાસોમાં જે બચ્ચાઓએ હર લેહાઝથી મહેનત કરીને પોતાની ઈલ્મી લિયાકતનો ઈઝહાર ક્લાસમાં પહેલા દરજા પર આવીને કીધેલો છે તે ખુશકિસ્મતો નીચે મુજબ છે.


મોતીવાલા ઉઝૈર બી.


બાકરોલવાલા અફીફા એમ.


પાઘડીવાલા અલીઅકબર એન.


ભાઇસાહેબ મુજતબા એચ.


ઢેલાવાલા મુરતુઝાઅલી એ.


બરોડાવાલા ઝયનબ એન.


પાઘડીવાલા ઝકીયા એચ.



ભાઇસાહેબ મુરતુઝા એચ.



આરસીવાલા શબ્બીર એસ.


ગાંધી ફાએઝા જે.


મેવલીવાલા હુસૈન કે.


બરોડાવાલા ઝયનબ એ.



પેટીવાલા ઇસ્માઇલ એન.


મરચાવાલા સુલતાના એન.


ગુલાબીવાલા અબ્બાસઅલી એ.


ઢાકરાવાલા કુબરા એ.

## -::: Shining Stars :::-




Sister **Zarin Sibtainbhai Rangwala** studying in St. Agnes High School (Mumbai) has secured 1st Rank in her School in SSC (Maharashtra Board) by getting **97.45%** marks. She is supposed to be in the first 5 toppers in the entire Maharashtra. She has represented the Under 16 National Basketball Tournament for Maharashtra Team which was played in Tamilnadu from 1st-8th June 2010.




Sister **Nasheetah Taiyebi Nadiadi** studying in Ambe Vidyalaya (Vadodara) has secured 80% marks in Std. 3. She has also the distinction of participating in State level Drawing Competition "Paint your Thoughts" organized by Gujarat Ecology Commission in March-2010. She has achieved the certificate of Beautiful Calligraphy in Rashtra-bhasha Sulekhan competition held in October 2009.



Sister **Faizneen Aliasghar Motiwala** studying in MSU (Faculty of Law) has secured 61.5% (First Class) in the final exams of IV sem held in April 2010. She stood 1st in her entire batch.



Brother **Hasnain Sibtainbhai Rangwala** studying in MMS (Master of Management studies) in University of Mumbai has secured 1st Rank in the entire batch by getting **75%** in the Exams of III Semester taken in November 2009.



Brother **Ayaanali Ahmadali Chashmawala** studying in class-I-D in Navrachana Vidyani Vidyalaya (Vadodara) has achieved the General Proficiency certificate for his Commendable progress in Academics. He has also secured **4th** Rank at National Level and **1st** Rank at State Level in Interactive Olympiads 2009 held by Edu Heal Foundation. ★

**દુશ્વારી અને તકલીફમાં કૌન મદદરૂપ થાય છે તેનાથી સાચા દોસ્તની પહેચાન થઈ શકે છે.**

## -::: સૈ. હાતિમની કલમ અને અલવી ઈલ્મ :::- કિસ્ત-૩

ઈસ્માઈલી તૈયેબી દાઇએ હક્ક સૈયેદના હાતિમ (ક.રૂ) આપની મજલિસમાં મૌલાના અલી સાહબે ઝુલફિકાર (અ.સ.) ની યહૂદી આલિમ અબ્દુલ્લાહ બિન સલામ સાથેની ગુફતગૂ બયાન ફરમાવે છે, જેની બે કિસ્ત કારેઈનની ખિદમતમાં આવી ચુકી છે. હવે આ તીસરી કિસ્તમાં અબ્દુલ્લાહ પૂછે છે કે, અય અલી, તમેં હમને જાનવરોના આવાઝની હકીકત બતાવો કે, (૧) ઘોડો તેના હણહણાટમાં, (૨) ગધેડો તેના ભોંકવામાં, (૩) ઊંટ તેના બડબડવામાં, (૪) ગાય તેના ડકારવામાં, તેમ (૫) બકરો (૬) લોમડી (૭) શૈર (૮) કૂતરો (૯) દરિયો (૧૦) પાની (૧૧) દેડકો (૧૨) હવા (૧૩) પત્થર (૧૪) બીલાડી (૧૫) મુરઘો-મુરઘી (૧૬) ચકલી (૧૭) ચીલ (૧૮) કુમરી (૧૯) કબૂતર (૨૦) ગીધ (૨૧) તીતર (૨૨) બુલબુલ (૨૩) દુલદુલ (૨૪) હુદહુદ (૨૫) ઈન્સાનો (૨૬) ઝમીન (૨૭) આસમાન, આ તમામ અપની-અપની ઝબાનમાં, બોલીમાં, આવાઝમાં હરરોઝ શું શું કહે છે ?

મૌલાના અલી (અ.સ.) ફરમાવે છે કે, અય ઈબ્ને સલામ યાદ રાખ કે,

(૧) ઘોડો એની ઝબાનમાં કહે છે કે, "**અલ્લાહુમ્મા અઇઝ્ઝલ મુમેનીન**, અય અલ્લાહતઆલા તું મુમેનીનને ઈઝઝત બખશ અને એની પીઠોને મઝબૂત કર અને કાફિરોને કમ્ઝોર કર અને એની કૂવતને કતેઅ કર.

(૨) ગધેડો કહે છે કે, અય અલ્લાહ, હરામ તરીકાથી દૌલતને ભેગી કરનાર પર અને એની કમાઈ પર લાઅનત કર.

(૩) ઊંટ કહે છે કે, મને એવા શખ્સને જોઈને તઅજ્જુબ થાય છે કે, જેને અલ્લાહ કૂવત-તાકત ન આપે તેના બાવજૂદ એ ખામોશ રહે અને એની હાલત સુધારવાને વાસ્તે કોઈ કોશિશ ન કરે !

(૪) ગાય-બૈલ કહે છે કે, અય ગાફિલ ઈન્સાન, તું કહાઁ તક ગાફિલ રહીશ, તું બૈદાર થા અને **અલ્લાહની નિશાનીઓ પર ફિકર કર.**

(૫) બકરા-બકરી કહે છે કે, અય મૌત, તું ઘણી નઝદીક છે, અય મૌત, તું ઘણી કંપાવનારી છે, અય મૌત, તું ઘણી જલ્દી આવનારી છે, અય મૌત, તું દોસ્તો દરમિયાન જુદાઈ કરાવનારી છે.

(૬) લોમડી કહે છે કે, અય અલ્લાહ, તુંએ મને જે રિઝક આપું તેમાં મને કનાઅત, સુકૂન અને રાહત બખશ, એમાં બરકત આપ, જે કઈ મારી કિસ્મતમાં છે તેના જ તલબ કરવામાં મને કિફાયત કરી આપ.

(૭) શૈર કહે છે કે, અય તે અલ્લાહ જેના સામે સખ્તમાં સખ્ત ચીઝો નરમ થઈને ઝુકી જાય છે, તું એ મને એવા લોગો ઉપર શિકાર કરવા પર આમાદાહ કીધેલો છે જેઓ રાત-દિન તારી નાફરમાની કરે છે.

(૮) કુતરો કહે છે કે, અય મારા રબ, **મેં લાઇકે રહેમત છું અને તું ઘણો રહીમ છે.** તે શખ્સ ઉપર તું રહેમત કરજે જે મારા ઉપર રહેમત કરે.

(૯) દરિયો કહે છે કે , અય મખ્ફી ચીઝો અને ભેદની વાતો ના આલિમ, તુંએ મને એવા લોગોને ડૂબાવવા વાસ્તે આમાદાહ કીધેલો છે જેઓ ખુશ્કી-સુકાપો અને તરી-લીલકમાં હર વકત તારો કુફ્ર કરે છે.

(૧૦) પાની કહે છે કે, "**સુબ્હાના મન લૈસા લના ઇલાહુન ઇલ્લા હોવા**", તે અલ્લાહની તસ્બીહો તકબીર કે જે અલ્લાહ સિવાય હમારો કોઈ માઅબૂદ નથી. "**સુબ્હાના મન લા યાઅલમો કૈફ઼ા હોવા ઇલ્લા હોવા**", તે પાક ઝાત અલ્લાહ કે જે અલ્લાહ કેવો છે તે એ જ જાણે છે.

(૧૧) દેડકો કહે છે કે, "**સુબ્હાના મન હોવા ફી લુજ્જિલ બેહાર**", પાક ઝાત તે અલ્લાહ કે જેની તસ્બીહ સમંદરની ગહેરાઈમાં થાય છે. તે અલ્લાહ તમામ સિફતોથી બલંદ છે જેની તસ્બીહ જંગલમાં અને પહાડીયોમાં હર ઝબાનમાં થાતી રહે છે.

(૧૨) હવા કહે છે કે, અય અલ્લાહ, મેં તો તારા ફરમાનને ઉચકું છું, તારા હુકમ મુજબ ચાલું છું. તો હવે જે કોઈ મને ગાલી દે એના ઉપર તું લાઅનત બોલજે.

(૧૩) પત્થર કહે છે કે, અય અલ્લાહ, તું સખ્તદિલ અને સંગદિલ ઈન્સાનને રહેમત ન કરજે કેમકે ઝાલિમ કરતા મઝલૂમ તારા નઝદીક મહબૂબ છે. **તું મુમેનીન ના દિલોમાં મોહબ્બત ભરી દે અને તેને મોમ જેમ નરમ કરી દે.**

(૧૪) બીલાડી કહે છે કે, "**અલ્લાહુમ્મા ઇન્નકલ હક્ક**", અય અલ્લાહ તું હક્ક છે અને તારો વાઅદો હક્ક છે. ઘણા કમ લોગો છે જે હક્ક પર મરતા હોય છે. (બકીયાહ આવતા શુમારામાં) ★

**બૈરોની ખૂબસૂરતી તેના જિસ્મથી નહી પણ તેની શરમથી હોય છે.**